# રાજકોટ મહાનગરપાલિકા

## ભરતી અંગેની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાની નીચે જણાવ્યા મુજબની ખાલી જગ્યાઓ ભરવા તા.૦૧/૦૨/૨૦૨૫, શનિવાર સુધીમાં ફક્ત ઓનલાઈન માધ્યમથી (www.rmc.gov.in) અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| ૧ | ડીવીઝનલ ઓફિસર | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | સ્ટેશન ઓફિસર | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૩ | સબ ઓફિસર (ફાયર) | ૩૫ | ૧૬ | ૦૩ | ૦૯ | ૦૨ | ૦૫ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૩ |
| એકંદરે કુલ | | ૪૨ | ૨૦ | ૩ | ૧૧ | ૨ | ૬ | ૬ | ૧ | ૩ | ૦ | ૧ | ૨ | ૩ |

ઉક્ત કેડરની લાયકાત, પગારધોરણ, વયમર્યાદા તેમજ અન્ય સંલગ્ન માહિતી માટે વેબસાઈટ www.rmc.gov.in પરથી એનેક્ષર-એ(સુચનાપત્રક) ડાઉનલોડ કરી વિગતો મેળવવી.

(મહેશ જાની, IAS)
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર–એ

રાજકોટ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગની જુદી–જુદા સંવર્ગોની જગ્યા ભરવા માટે કેટેગરી વાઈઝ નીચે મુજબની વિગતે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૧૮/૦૧/૨૦૨૫ થી તા.૦૧/૦૨/૨૦૨૫(૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૦૧/૦૨/૨૦૨૫(૨૩.૫૯ કલાક) સુધીની રહેશે.

## શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કેટેગરી વાઈઝ જગ્યાઓ | | | | | | | | | | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | | |
| | | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| ૧ | ડીવીઝનલ ઓફિસર | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | સ્ટેશન ઓફિસર | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૩ | સબ ઓફિસર (ફાયર) | ૩૫ | ૧૬ | ૦૩ | ૦૯ | ૦૨ | ૦૫ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૩ |
| **એકંદરે કુલ** | | ૪૨ | ૨૦ | ૩ | ૧૧ | ૨ | ૬ | ૬ | ૧ | ૩ | ૦ | ૧ | ૨ | ૩ |

| | |
|---|---|
| ડીવીઝનલ ઓફિસરની લાયકાત : | UGC/AICTE માન્ય યુનિવર્સીટીના ગ્રેજ્યુએટ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરમાંથી ડિવિઝનલ ઓફિસર્સનો કોર્સ પાસ અને હેવી મોટર વ્હિકલ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.<br>અનુભવ:–કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/મહાનગરપાલિક/પબ્લિક સેક્ટર અંડરટેકિંગ/કંપની એક્ટ હેઠળ નોંધાયેલ જાહેર કંપનીની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગમાં સ્ટેશન ઓફિસરનો ૦૫(પાંચ) વર્ષનો અનુભવ અથવા સબ ઓફિસર(ફાયર)નો ૦૭(સાત) વર્ષનો અનુભવ<br>શારીરીક લાયકાત:– શારીરિક કસોટીમાં ઉતિર્ણ થવુ જરૂરી |
| ડીવીઝનલ ઓફિસરનું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૫૩,૭૦૦/– અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૪૪૯૦૦–૧૪૨૪૦૦ (પે–મેટ્રિક્સ લેવલ–૦૮),(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૯૩૦૦–૩૪૮૦૦,ગ્રેડ પે–૪૬૦૦)આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| સ્ટેશન ઓફિસરની લાયકાત : | UGC/AICTE માન્ય યુનિવર્સીટીના ગ્રેજ્યુએટ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરનો સબ ઓફિસર્સ કોર્ષ પાસ અને હેવી મોટર વ્હિકલ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.<br>અનુભવ:–કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/મહાનગરપાલિક/પબ્લિક સેક્ટર અંડરટેકિંગ/કંપની એક્ટ હેઠળ નોંધાયેલ જાહેર કંપનીની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગમાં સબ ઓફિસર(ફાયર)નો ૦૫(પાંચ) વર્ષનો અનુભવ અથવા લીડીંગ ફાયરમેનનો ૦૭(સાત) વર્ષનો અનુભવ |
| સ્ટેશન ઓફિસરનું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૫૧,૦૦૦/– અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ. રૂ.૩૯૯૦૦–૧૨૬૬૦૦ (પે–મેટ્રિક્સ લેવલ–૦૭),(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૯૩૦૦–૩૪૮૦૦,ગ્રેડ પે–૪૪૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |
| સબ ઓફિસર(ફાયર)ની લાયકાત : | UGC/AICTE માન્ય યુનિવર્સીટીના ગ્રેજ્યુએટ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરનો સબ ઓફિસર્સ કોર્ષ પાસ અને હેવી મોટર વ્હિકલ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.<br>અનુભવ:–કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/મહાનગરપાલિક/પબ્લિક સેક્ટર અંડરટેકિંગ/કંપની એક્ટ હેઠળ નોંધાયેલ જાહેર કંપનીની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગમાં લીડીંગ ફાયરમેનનો ૦૫(પાંચ) વર્ષનો અનુભવ<br>શારીરીક લાયકાત:– શારીરિક કસોટીમાં ઉતિર્ણ થવુ જરૂરી |
| સબ ઓફિસર (ફાયર)નું પગારધોરણ અને વયમર્યાદા: | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૪૯,૬૦૦/– અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ રૂ.૩૫૪૦૦–૧૧૨૪૦૦/–(પે મેટ્રિક્સ લેવલ–૬)(છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે–૪૨૦૦) આપવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ |

સુચના :

- આરક્ષિત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે સરકારશ્રીના ધારાધોરણ મુજબ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદા રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.
- ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અન્ય કોઈ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત વધુ વિગતો www.rmc.gov.in પરથી મેળવી શકાશે.

- ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ.
- અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ, ઉમર અને અન્ય તમામ પ્રકારની સંલગ્ન ગણતરી કરવામાં આવશે અને ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક(નોટએલીજીબલ) ગણવામાં આવશે તથા અરજી કરતી વખતે ઉમેદવારે સબમીટ કરેલ માહિતીમાં પાછળથી કોઈપણ પ્રકારના સુધારાને ધ્યાને લેવામાં આવશે નહિ.
- શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષ સુધીની છૂટછાટ તથા મહિલા ઉમેદવારને ૦૫(પાંચ) વર્ષની વિશેષ છૂટછાટ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.

| ક્રમ | દિવ્યાંગતાનો પ્રકાર | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| **સ્ટેશન ઓફિસર** | | |
| B | HH(HARD OF HEARING) 40% TO 70% | ૦૧ |
| C | AAV(ACID ATTACK VICTIMS) | – |
| D & E | ASD–M(AUTISM SPECTRUM DISORDER M–MILD), SLD(SPECIFIC LEARNING DISABILITY), MI(MENTAL ILLNESS), MD(MULTIPLE DISABILITY) (B&C) | – |
| **B કેટેગરીમાં ઉમેદવાર ઉપલબ્ધ થશે નહી તો C, D&E દિવ્યાંગતાનાં પ્રકારમાંથી ભરવામાં આવશે** | | |
| **સબ ઓફિસર(ફાયર)** | | |
| B | HH(HARD OF HEARING) 40% TO 70% | ૦૧ |
| C | AAV(ACID ATTACK VICTIMS) | – |
| D & E | ASD–M(AUTISM SPECTRUM DISORDER M–MILD), SLD(SPECIFIC LEARNING DISABILITY), MI(MENTAL ILLNESS), MD(MULTIPLE DISABILITY) (B&C) | – |
| **B કેટેગરીમાં ઉમેદવાર ઉપલબ્ધ થશે નહી તો C, D&E દિવ્યાંગતાનાં પ્રકારમાંથી ભરવામાં આવશે** | | |

- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી/વિગત દશાર્વવાની રહેશે.
- શારીરિક અશક્ત અનામત સિવાયની જગ્યાઓ માટે લગત સંવર્ગની કામગીરી માટે સક્ષમ હોય તેવા જ ઉમેદવારોને ધ્યાને લેવામાં આવશે.
- શારીરિક અશકત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/આર્થિક રીતે નબળા વર્ગો/સા.શૈ.પ.વર્ગ/અનુ.જાતિ/અનુ.જન જાતિ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે તેમજ તે કેટેગરીની જગ્યામાં સમાવવામાં આવશે.
- સા.વ.વિ.ના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર–૧૦૨૦૦૮–જીઓઆઈ–૭–ગ.૨ મુજબ શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખાકાર્ડ અને ડિસ્ચાર્જ બૂક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.
- ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઈ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.
- આ જાહેરાત કોઈપણ કારણોસર રદ્દ કરવાની, ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તે અન્વયેનો આખરી નિર્ણય કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે

## કોમ્પ્યુટર વિષયક લાયકાત:

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો–૧૯૬૭ ના નિયમ–૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.પ. સાથેના પત્રક–૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

## નાગરિકત્વ:

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો– કેન્યા, યુગાન્ડા, વિયેતનામ, ઝામ્બીયા, મલાવી, ઝેર, ઈથોપિયા, યુનાઈટેડ, રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે. આ જગ્યા માટે ઉમેદવાર ગુજરાત રાજ્યના વતની અને ગુજરાત રાજ્યના ડોમીસાઈલ હોવા જોઈએ.

## ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :

- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા રાજકોટ મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજુ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદબાતલ ગણવામાં આવશે.
- બિનઅનામત કેટેગરીના ઉમેદવારોએ રૂ.૫૦૦/– (પાંચ સો પુરા) અરજી ફી તરીકે ભરવાના રહેશે જ્યારે અન્ય કેટેગરીના ઉમેદવારોએ રૂ.૨૫૦/–(બસ્સો પચાસ) અરજી ફી તરીકે ભરવાના રહેશે. **આ** અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેક્શન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્દ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની મૌખિક ઇન્ટરવ્યુ/પ્રેક્ટીકલ ટેસ્ટ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.
- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય , તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (મૌખિક ઇન્ટરવ્યુ/પ્રેક્ટીકલ ટેસ્ટ/વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.
- કોઇપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી/અરજીઓ રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.
- ઉમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.
- જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત/ ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઇપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર/ મેળવેલ અનુભવની વિગતો સહીત માન્ય સંસ્થાનું ઇન્વર્ડ/આઉટવર્ડ નંબર તથાં તારીખ સાથેનું જ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર કે એપોઇન્ટમેન્ટ લેટર અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે પરંતુ જો તેની સાથે વખતો–વખત સંસ્થા દ્વારા અપાયેલ ઈજાફા કે પ્રમોશનના હુકમ, પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી, તેની પૂરતી ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવામાં આવશે.
- રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત જો એક કરતાં વધુ હોદ્દા ઉપર ફરજ બજાવેલ હોય તો પ્રમોશન કે સિલેકશનના હુકમની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશો.
- અનામત જાતિના ઉમેદવારે તેની જાતિ અંગેનું (અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગ(EWS)) અંગેનું ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નમૂના મુજબનું સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

- મૂળ ગુજરાતના હોય તેવા આર્થિક રીતે નબળા વર્ગ(EWS), સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઈસ્યુ કરેલ ઉપરોક્ત જાતિના સર્ટી.ને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી
- મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે ઓનલાઇન અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા–ધોરણો લાગુ પડશે.
- તમામ કેટેગરીના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદા તમામ પ્રકારની છુટછાટ સાથે કોઇપણ સંજોગોમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે ૪૫ વર્ષથી વધુ હોવી જોઇએ નહી, સિવાય કે રાજકોટ મહાનગરપાલિકા ની નોકરીમાં હોય.
- ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે જાતી (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

<u>સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે :</u>

- ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમુના પરિશિષ્ટ–ક અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમુના પરિશિષ્ટ–૪ મુજબના પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- ઈસ્યુ થયેલ ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્રની મહત્તમ અવધિ ઈસ્યુ થયા–વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવુ પ્રમાણપત્ર ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરેલ હોવુ જોઇએ અને આવા પ્રમાણપત્રની માન્યતા/ સ્વીકૃતિ તથા સમયગાળાના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે. પ્રમાણપત્રનો નંબર તથા તારીખ ઓનલાઈન અરજી ફોર્મમાં દર્શાવવાનો રહેશે તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવા પ્રમાણપત્રમાં કોઇ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સદર વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- પરિણિત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા–પિતાની આવકને આધારે જ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકને આધારે આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેઓને અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહી.(અરજી કરવાની છેલ્લી તારીખ બાદનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી)

➢ <u>આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો માટે:</u>

- આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના દ્વારા નિયત થયેલ નમૂનામાં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર)ના નંબર અને તારીખ ઓન લાઈન અરજી કરતી વખતે દર્શાવવાની રહેશે તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે તે રજૂ કરવાનું રહેશે. (અરજી કરવાની છેલ્લી તારીખ બાદનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી)
- જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહી.(અરજી કરવાની છેલ્લી તારીખ બાદનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી)

➢ ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે રાજકોટ મહાનગરપાલિકાની કોઇ જવાબદારી રહેશે નહી.

➢ સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઈ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં. જેની નોંધ લેવી, ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે રાજકોટ મહાનગરપાલિકા ની વેબ સાઇટ http://www.rmc.gov.in જોતા રહેવા વિનંતિ છે.

- ઉમેદવારોએ મૌખિક ઇન્ટરવ્યુ/પ્રેક્ટિકલ ટેસ્ટ/વિગેરે માટે સ્વખર્ચે આવવાનું રહેશે.
- પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ રાજકોટ મહાનગરપાલિકાની સ્ટાફ સિલેક્શન કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.
- પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબકે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજુ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતી, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલુમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ કરવામાં આવશે.
- સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટીના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.
- આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- સદર ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રકીયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવશે.
- જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રીયા પ્રેક્ટિકલ ટેસ્ટ/વિગેરે માટે વિચારણામાં લેવા તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે.
- જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતી નક્કી કરવા મ્યુનિ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(મહેશ જાની, IAS)
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા